**અરવલ્લી જીલ્લામાં ૧૦૦ ટી.આર.બી. જવાનોનો**

# ત્રણ માસથી પગાર ન મળતાં જીવન નિર્વાહ ચલાવવા ફાંફાં

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લામાં ૧૦૦ ટી. આર. બી. જવાનોનો છેલ્લા ત્રણ માસથી પગાર ન મળતાં જીવન નિર્વાહ ચલાવવા ફાંફાં મારી રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે.જીલ્લા ડી.એસ.પી. કચેરીના વહીવટી અધિકારીઓ ધ્વારા ક્યા કારણોસર ટી.આર.બી. જવાનોનો પગાર અટકાવે છે તે ટી.આર.બી. જવાનોને સમજાતું નથી. ટી.આર.બી. જવાનો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ પગાર છેલ્લા ત્રણ માસથી મળતો નથી. ટી.આર.બી. જવાનોને નિયમીત સમયસર પગાર છેલ્લા કેટલાક મહિનાઓથી મળતો નથી. ટી.આર.બી. જવાનોને સમયસર પગાર આપવામાં નહી આવે તો હડતાલ પર ઉતરશે તેમ આધારભુત સુત્રો દ્વારા જાણવા મળેલ છે. જીલ્લાભરમાં ટી.આર.બી. જવાનો ટ્રાફીક પોલીસની સમકક્ષની જવાબદારી ધોમધકતા તાપમાં દિવસ દરમ્યાન ફરજો નિભાવતા હોય છે. ડી.એસ.પી. કચેરી,જીલ્લા કક્ષાના અધિકારીઓના જણાવ્યા મુજબ ગ્રાન્ટના અભાવે ટી.આર.બી. જવાનોના પગારો અટક્યો હોવાનું જાણવા મળેલ છે. ટી.આર.બી. જવાનોની કામગીરી ટ્રાફીક નિયત્રણ કરવાની હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ ધ્વારા અન્ય કામોમાં વ્યસ્ત રાખતા હોવાના કારણે ઠેર-ઠેર માર્ગો ઉપર ટ્રાફીકની ભયંકર સમસ્યા સર્જાય છે. ટી.આર.બી. જવાનોને વેતન ભથ્થું પણ ઓછું આપવામાં આવે છે. ટી.આર.બી. જવાનોનું જાણે કે શોષણ કરવામાં આવતું હોય તેમ લોકમુખે ચર્ચાય છે.

# ઈડરમાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ

ભિલોડા,તા.૧૪

ગુજરાત રાજ્યમાં હોટ સીટી તરીકે પ્રખ્યાત ઈડરમાં આગ ઝરતી ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં જનજીવન પ્રભાવિત બન્યું છે. ઈડર, મોડાસા, હિંમતનગર, ભિલોડા સહિત વિવિધ વિસ્તારોમાં માર્ગો સુમસામ ભાસી રહ્યા છે. બજારોમાં બપોરે કરફ્યુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ઈડરમાં ગરમીનું તાપમાન આજે ૪૬ ડિગ્રીએ પહોંચી જતાં પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. ઉનાળાની ઋતુ દરમ્યાન એપ્રિલ માસમાં અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ દિન-પ્રતિ-દિન વધતાં ગરમીને લીધે વાતાવરણમાં ભેજના પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે ત્યારે આગામી દિવસોમાં ગરમીનું પ્રમાણ હજુ પણ વધશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.




આ વર્ષે સુર્યનારાયણ જાણે કે ગરમીનો રેકોર્ડ તોડવાના મુડમાં હોય તેમ ગરમીનો પારો એકા-એક ઉંચકાતાં આકાશમાંથી વરસતી અગનજવાળાઓને લીધે આ વિસ્તાર અગનભઠ્ઠીમાં ફેરવાતાં પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દેહ દઝાડતી ગરમીને પગલે પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં સનસ્ટ્રોક, ઈમરજન્સી કેસોમાં વધારો નોંધાયો છે. જીલ્લાભરમાં અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાતાં પ્રજાજનો રીતસરના વલખાં મારી રહ્યા છે. હેન્ડપંપો શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યા છે. અબોલ પશુ-પંખીઓ માટે બળબળતી બપોરે આશ્રયનો વિકલ્પ શોધવો મુશ્કેલ બની રહેતાં હાલત દયનીય છે. હોટ સીટી તરીકે ફેમસ ઈડરમાં ગરમીનો પારો એકા-એક વધતાં હીટવેવની અસર જોવા મળી રહી છે.

# અરવલ્લી જિલ્લામાં અગનવર્ષા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં છેલ્લા દસ દિવસથી સતત કાળઝાળ ગરમીનું ચાલુ રહેલુ મોજું આજે વધુ તીવ્ર બનતા જિલ્લામાં આજે ૪૪ ડિગ્રી તાપમાને રીતસર અગનવર્ષાનો માહોલ સર્જાતા લોકો દેહને દઝાડતી અસહ્ય ગરમીમાં શેકાયા હતા. બપોર થતા પહેલા તો રસ્તાઓ સુમસામ ભાસવા માંડ્યા હતા. લોકોને ઘરમાં બહાર ક્યાંય ચેન ન હતુ. પંખા પણ ગરમ પવન ફૂંકતા હાંફી ગયા હોય તેમ એના પવનનો અહેસાસ પણ થતો ન હતો. શહેરના માર્ગો પર પણ જાણે કરફ્યુ હોય તેમ સુમસામ અને નિર્જન ભાસતા હતા.

સવારના નવ વાગ્યાથી જ ગરમ લ્હાય પવન સાથે દિવસભર બેહોશ કરી દે તેવી કાળઝાળ ગરમીએ લોકોને તોબા પોકરાવી દીધી હતી. માર્ચના અંતિમ દિવસોથી શરૂ થયેલ ગરમીનો પારો વચ્ચે થોડાક દિવસો માટે ઘટ્યો હતો પણ ફરી છેલ્લા ચાર દિવસથી ધારણા કરતાં પણ ખૂબ વધુ કાળઝાળ ગરમીનો પારો લોકોને આજકાલ ભારે પડી રહ્યો છે.

એક નજર નજીકના દિવસોમાં જ આવતા લગ્ન પ્રસંગો તરફ કરીએ તો આ વર્ષે પડતી અસહ્ય ગરમીમાં ઉનાળે ઘર બહાર નીકળવાની કલ્પના થઈ શકતી નથી. ત્યાં આવનારા લગ્નપ્રસંગો કેમ પાર પડશે એની ચિંતા પણ લોકો સેવી રહ્યા છે. હવામાન ખાતાની આવતી આગાહીઓ અને વર્તારા મુજબ આ વર્ષનો ઉનાળો ભૂતકાળના વર્ષોની ભુલાવી દે તેવી વિક્રમી ગરમી પડવાની છે. ત્યારે માનવી અને પશુધન માટે આવનારા દિવસો વિતાવવા દોહ્યલા બની રહેવાના સંકેત તો આજકાલ પડતી ગરમી જ આપી રહી છે.

**મોડાસામાં ૪૪ ડિગ્રી તાપમાન**




હજુ તો એપ્રિલ છે, અખાત્રીજથી શરૂ થતા ખેતી મુહૂર્તની સાથે જ શરૂ થતી લગ્નસરા પણ આગામી નજીકના દિવસોમાં પુરજોશમાં શરૂ થનાર છે. પાછલા વર્ષોની ઉનાળુ ગરમીના મિજાજને પારખીને કેટલાક સમાજ અને પરિવારોએ આ ગરમીમાં ના પડવું પડે તે માટે ગત શિયાળુમાં જ લગ્નો ઉજવી નાખ્યાં હતા. પણ ઉનાળુ ગરમી અને વધતા જતા તાપમાનને જેને નજર અંદાજ કર્યો તેવા સમાજ પરિવારો હજુ વૈશાખે લગ્નો લેવાનું મુનાસીબ માન્યું પણ હવે આટલી કાળઝાળ ગરમીમાં આવનારાં લગ્નો કેમ ઉકેલાશે તેની આયોજકો જ નહીં પણ તેમાં સામેલ થનારા અને સ્નેહીઓ-મિત્રો પણ ચિંતા કરી રહ્યા છે.

આજની ગરમી એટલી હદે પ્રભાવી રહી જે પંખા હેઠળ પણ શરીરે તેના પવનનો અહેસાસ પણ થતો ન હતો. કેટલાયે લોકોએ દિવસભર ઠંડા પીણા, આઈસક્રિમ, લચ્છી, દહીં, છાશ, શેરડી રસના સહારે વિતાવી હતી. શ્રમિકોની હાલત અત્યંત કપરી હતી. ખુલ્લા આકાશ તળે વિહરતા પશુઓ ઝાડનો છાંયડો શોધતા હતા કે પંખી આમથી તેમ વૃક્ષોની ડાળ, પાનમાં વિસામો શોધતા હતા.

# થરા નગરપાલિકા રોડ ઉપર ચાલતા જતા એક રાહદારીનું ગરમીથી મોત

કાંકરેજ, તા. ૧૪

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા ખાતે ૧૨૬મી બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી હોવાથી ગામે ગામથી દલિતો થરા ખાતે બપોર પછીના કાર્યક્રમમાં હાજરી આપવા આવતા હતા. ત્યારે કાંકરેજ તાલુકાના ખોડા ગામનો ૪૩ વર્ષિય હરિજન ઈશ્વરભાઈ કાનાભાઈ હોવાનું બહાર આવ્યુ છે. જો કે આ આધેડની પરિસ્થિતિ જોઈને ગરીબ પરિવારનો વ્યક્તિ હોવાથી તંત્ર પણ આંખ આડા કાન કરી રહ્યુ હોવાની ચર્ચાઓ જાગી હતી. ઈશ્વરભાઈ થરા નગરપાલિકાના રોડ ઉપરથી બપોરે ૨ વાગ્યા આસપાસ પસાર થઈ રહ્યા હતા તે દરમ્યાન ચક્કર આવતા ગરમીથી મોતને ભેટ્યા હતા. અને થરા રેફરલ હોસ્પિટલમાં લવાયા હતા. પરંતુ તંત્રના અધિકારીઓ આ અંગે પોલીસ ફરિયાદ દાખલ થયા પછી જ અમો પીએમ કરી શકીશુ અને થરા રેફરલ હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સ લોકોને ગોળ ગોળ જવાબો આપતી હોવાનું ચર્ચાસ્પદ બનવા પામ્યુ છે. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી થરા રેફરલ હોસ્પિટલના સ્ટાફ ઉપર લાલ આંખ કરી માનવતાનું ભાન કરાવે તે જરૂરી. જો કે નિયમોને નેવે મુકી ઉદ્ધતાઈભર્યા જવાબોથી લોકો ત્રસ્ત બની ગયા છે. ત્યારે ખોડલાના આધેડનું બળબળતી ગરમીથી મોત થવા અંગે સ્થાનિક દ્વારા પૂછતા મેડમ ગરમાયા હતા અને મને કહિંજ ખબર નથી. પોલીસ પાસે જાઓ આવા વર્તનથી અને આધેડના મોતથી તંત્ર ઉપર અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. જો કે કાંકરેજ તાલુકાના ખોડા ગામનો દલિત ગરમીથી મૃત્યુ પામ્યો હોવાનું પ્રાથમીક તપાસમાં બહાર આવ્યાનું થરા પોલીસના પીએસઓ મફતલાલ દ્વારા જાણવા મળ્યું હતું અને મૃતકના સગાને થરા ખાતે બોલાવી કાયદેસરની તપાસ કરી યોગ્ય કાર્યવાહિ કરી ગુનો દાખલ કરવામાં આવશે તેવું પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળેલ છે. આમ એક આધેડના મોતથી તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.






સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતીએ મોતીપુરા આંબેડકર ભવનથી સમરસતા યાત્રા નીકળી હતી. જેમાં જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા પ્રમુખ દલિત સમાજના કરસનભાઈ મકવાણા, મુળજીભાઈ પરમાર, ભગાભાઈ પરમાર, નટુભાઈ પરમાર, મણીલાલ વાઘેલા, પાલિકા પ્રમુખ નીલાબેન પટેલ સહીત ભાજપના કાર્યકરો અને દલિત સમાજના યુવાનો દ્વારા નીકળેલી સમરસતા યાત્રા શહેરના વિવિધ માર્ગો પર ફરી સિવિલ સર્કલે બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફૂલહાર પહેરાવી જય ભીમના નારાનો ઘોષ કર્યો હતો.

## ભિલોડા એસ.ટી.ડેપો હેલ્પરનું મોત

ભિલોડા,તા.૧૪

ભિલોડા એસ.ટી.ડેપો હેલ્પર તરીકે ફરજ બજાવતા ઈસમને છાતીમાં દુખાવો ઉપડતાં હાર્ટએટેક આવતા સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. ઈન્દુબેન ગામેતીના જણાવ્યા મુજબ એસ.ટી.ડેપોમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા ટોરડા ગામના હરેન્દ્રકુમાર કૃષ્ણાલાલ પંચાલ, ઉંમર વર્ષ-૩૭ હાર્ટએટેક આવતા પ્રાથમીક સારવાર ભિલોડા આપ્યા બાદ વધુ સારવાર અર્થે ઈડર લઈ જતા હતા તે દરમ્યાન મોત નિપજ્યું હતું. ટોરડા ગામના શૈલેષકુમાર કૃષ્ણાલાલ પંચાલએ પોલીસને જાણ કરતાં પોલીસ સી. આર. પી. સી. કલમ ૧૭૪ મુજબની એ.ડી. નોંધી તપાસ હાથ ધરી છે.

# ભિલોડામાં ડૉ.બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૧૪

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતીની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડૉ. બાબા સાહેબ આંબેડકર ચોકમાં ભારત રત્ન ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતી નિમિત્તે ઉજવણી ધામ-ધુમ પુર્વક યોજાઈ હતી. આ પ્રસંગે ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ અંબિકાબેન ગામેતી, ડે.સરપંચ ભીખાભાઈ પટેલ, ગોરધનભાઈ ગામેતી, ગુણવંતભાઈ ત્રિવેદી, વાલજીભાઈ પરમાર, અમરતલાલ પરમાર, યોગેશભાઈ બુધ્ધ, રાજેશભાઈ નિનામા, કમલેશભાઈ મહેતા, મનોજભાઈ પટેલ, મનિષભાઈ પટેલ, રામઅવતાર શર્મા, મુકેશભાઈ પરમાર, સહિત સામાજીક કાર્યકરો,રાજકીય હોદ્દેદારોએ ભિલોડા આંબલી બજાર વિસ્તારમાં આવેલ ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી, સુતરની આંટી પહેરાવી પુષ્પાંજલી અર્પણ કરી હતી. ડૉ. બાબા સાહેબ આંબેડકર અમર રહો, જય ભીમના સુત્રોચારો કર્યા હતા. ભારત રત્ન બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતી નિમિત્તે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડામાં રાજકીય હોદ્દેદારા, કાર્યકરો ધ્વારા ધામધુમ પુર્વક ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા.



## ઈટાદરામાં ડૉ. આંબેડકરના જન્મોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક આવેલા ઈટાદરા ગામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મોત્સવની ભારે હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરના જન્મ જયંતિ મહોત્સવ પ્રસંગે માણસા તાલુકાના ઈટારદા ગામ ખાતે ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દલિત યુવા સંગઠન દ્વારા આયોજીત આ કાર્યક્રમના પ્રારંભે સરપંચ ભીખાભાઈ ઉમેદરામ પટેલ તથા પંચાયતના સભ્ય છગનભાઈ કે. વાઘેલા દ્વારા ડૉ. બાબા સાહેબની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે યોજાયેલી શોભાયાત્રામાં ગામની દરેક જ્ઞાતિના અગ્રણીઓ સહિત મહિલાઓ અને બાળકો સહિત યુવાવર્ગ પણ આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં નજરે પડતો હતો.

આ પ્રસંગે ગામના અગ્રણી માધુભાઈ પટેલ દ્વારા બાળકોને ભોજન પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે ગોવિંદભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ સહિત દરેક સમાજના અગ્રણીઓએ ભારે જહેમત ઉઠાવી હોવાનું રામભાઈ પરમાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

# પ્રાંતિજ ખાતે ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિની ઉજવણી

**પ્રાંતિજ તાલુકાના વિવિધ ગામોમાં સૂત્રોચ્ચાર સાથે બાઈક રેલી**




પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિની પ્રાંતિજ સહિત તાલુકામાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ભાજપ, કોંગ્રેસ, વિશ્વ હિન્દુ પરિષદ, ઠાકોર સેના તથા વિવિધ સંસ્થાઓ દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.



પ્રાંતિજ ભાંખરીયા ખાતે આવેલ આંબેડકર શોપીંગ સેન્ટર ખાતે ૧૨૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને કોંગ્રેસ કાર્યકરો પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, રેખાબેન, જિલ્લા પંચાયત સદસ્ય રામસિંહ સહિત વગેરે કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહીને ડૉ. બાબાસાહેબ પ્રતિમાને ફૂલહાર પહેરાવવામાં આવ્યા હતા.

જ્યારે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા મહામંત્રી સુનીલદાસજી મહારાજ, નટુભાઈ બારોટ, મહેલભાઈ પટેલ સહિત વગેરે કાર્યકરો ઉપસ્થિત રહીને ફૂલહાર પહેરાવવામાં આવ્યા હતા. જ્યારે ભાજપ સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વમંત્રી જયસિંહ ચૌહાણ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, નગરપાલિકા પ્રમુખ નિરવભાઈ પરીખ, શહેર મંત્રી જીગ્નેશભાઈ પંડ્યા, નગરપાલિકા કોર્પોરેટરો સહિત ભાજપ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ફૂલહાર પહેરાવવામાં આવ્યા હતા. જ્યારે ભીમસમાજના યુવાનો દ્વારા વિવિધ સૂત્રો સાથે પ્રાંતિજ તથા તાલુકામાં બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ, રાસલોડ, નવાબાકલપુર, પલ્લાચર, પિલુદ્રા અને મોયદ ખાતે રેલીનું સમાપન કરવામાં આવ્યું હતું.

## ભિલોડામાં મહિલાનો સોનાનો દોરો ખેંચી બાઈક સવાર પલાયન

ભિલોડા,તા.૧૩

ભિલોડામાં મહિલાનો સોનાનો દોરો ખેંચી ચોર ઈસમ બાઈક સવાર પલાયન થઈ જતાં પ્રજાજનોમાં ફફડાટ વ્યાપ્યી જવા પામ્યો છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી. એસ. ઓ. ઈન્દુબેનના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકાના ઝુમસર છાપરા ગામના વતની કરૂણાબેન ધીરૂભાઈ અસારી ભવનાથ રોડની સાઈડમાં પગપાળા ચાલીને જઈ રહ્યા હતા તે દરમ્યાન કાળા કલરની પલ્સર અજાણ્યો બાઈક સવાર ધ્વારા મહિલા કરૂણાબેનનો સોનાનો દોરો રૂા.૨૦,૦૦૦/-ની કિમંતનો ચોરી પલાયન થઈ જતાં મહિલાએ રોકકળ કરી મુકી હતી. રમેશભાઈ ધીરૂભાઈ અસારીએ આ બાબતે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં ભિલોડા પોલીસએ ધારાધોરણ મુજબની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહેસાણામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિએ ભાવાંજલી

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૬મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ૧૪ એપ્રિલ ૧૮૯૧ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ ઈન્દોર નજીક મહુમાં થયેલ હતો. મહેસાણા જિલ્લામાં ડૉ. બાબા સાહેબ આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પીત કરી વંદન કરતા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે ડૉ. બાબાસાહેબ મહાન લોકશાહિ ધરાવતા દેશના સાર્વભૌમત્વના બંધારણ રચયિતા રાષ્ટ્રનેતા, રાષ્ટ્રભક્ત છે. તેમના વિચારો, જ્ઞાન સૌને સમાન તક, શિક્ષણ સમાનતાના મૂલ્યો આજે સમાજ સમસ્તમાં વ્યાપ્ત છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સમાજ સમસ્તમાં સમરસતા-બંધુતા સમાનતાનો સંદેશ ફેલાવીને ડૉ. આંબેડકરના આદર્શોને હૈયે રાખી સૌ એક દિશામાં ચાલીને દેશની સમસ્યાઓનું નિવારણ આવશે. તેમણે જણાવ્યું કે વર્ષો સુધી સમાજ-સમાજ વચ્ચે વયમનસ્યો ફેલાવ્યુ તે હવે આપણે સાથે મળીને સહયોગથી દૂર કરીએ.



સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી આત્મારામ પરમારે જણાવ્યું હતું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર માત્ર વંચિતોના નહીં સમગ્ર રાષ્ટ્રના માર્ગદર્શક નેતા છે. ડૉ. બાબા સાહેબ સૌથી મોટી લોકશાહીના બંધારણના ઘડવૈયા તરીકે દેશવાસીઓમાં અંકીત પામ્યા છે.

મહેસાણા જિલ્લાની વિકાસ ગાથા રજુ કરતી વિકાસ વાટીકાનું વિમોચન નાયબ મુખ્યમંત્રી તેમજ મંત્રીઓ દ્વારા કરાયું હતું. જિલ્લા કલેકટર આલોકકુમારના માર્ગદર્શનથી પ્રકાશિત વિકાસ વાટીકામાં જિલ્લાના થયેલ વિકાસ કામોની ગાથા આલેખાયેલી છે.